




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-03 ■ તા. 09-01-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### કોરોના અને ઓમિક્રોન વચ્ચે ૧૦ ફેબ્રુઆરીથી ચુંટણી શરૂ ૧૦ માર્ચે પરિણામ

## દેશના ૫ રાજ્યોનું ૭ તબક્કામાં મતદાન થશે

ન્યુદિલ્હી, તા.૦૮

ચૂંટણીપંચે શનિવારે ૫ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ૭ તબક્કામાં ચૂંટણી યોજાશે. ચૂંટણીની શરૂઆત ૧૦ ફેબ્રુઆરીના રોજ ઉત્તરપ્રદેશથી થશે. તમામ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો એકસાથે જ ૧૦ માર્ચના રોજ જાહેર કરવામાં આવશે.કોરોનાની વચ્ચે ચૂંટણીમાં મતદાન કેન્દ્રો પર વેક્સિનના બંને ડોઝ નહિ લગાડનારની એન્ટ્રી બંધ કરવામાં આવી શકે છે. જોકે હજી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. એના માટે ગુરુવારે ઈલેક્શન કમિશન અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની વચ્ચે થયેલી બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.



આ બેઠકમાં દેશમાં વધતા કોરોનાને કારણે સર્જાયેલી સ્થિતિનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. સ્વાસ્થ્ય સચિવે ઈલેક્શન કમિશનને દેશમાં કોવિડની સ્થિતિ વિશે માહિતી આપી હતી.ચૂંટણીપંચે કહ્યું હતું કે કોરોનાની સ્થિતિ વચ્ચે ૫ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે. ૧૫ જાન્યુઆરી સુધી કોઈપણને રોડ શો, રેલી, પદયાત્રા, સાઈકલ અને સ્કૂટલ રેલી માટે મંજૂરી આપવામાં આવશે નહીં. વર્ચ્યુઅલ રેલી મારફત જ ચૂંટણીપ્રચાર કરવાની મંજૂરી આપવામાં આવશે. જીત બાદ પણ વિજય જુલૂસ કાઢી શકાશે નહીં. મુખ્ય ચૂટણી કમિશનર સુશીલ ચંદ્રાએ કહ્યું હતું કે દેશમાં ૫ રાજ્યની ૬૯૦ વિધાનસભા માટે ચૂંટણી યોજવામાં આવશે. ૧૮.૩૪ કરોડ મતદાતા ચૂંટણીમાં ભાગ લેશે. કોરોના વચ્ચે ચૂંટણી યોજવા માટે નવા પ્રોટોકોલ લાગુ કરવામાં આવશે.

તમામ ચૂંટણીકર્મચારીઓને કોરોના વેક્સિનનો બન્ને ડોઝ લગાવાયા છે કે નહિ એ સુનિશ્ચિત કરાશે.

જેમને પણ જરૂર પડશે તેમને ડોઝ આપવામાં આવશે. દરેક કાર્યક્રમની વીડિયોગ્રાફી કરવામાં આવશે. દરેક પક્ષે તેમના ઉમેદવારનો ગુનાહિત રેકોર્ડ જાહેર કરવો પડશે. ઉમેદવારે પણ તેમની ગુનાહિત પ્રવૃત્તિઓની જાણ કરવી પડશે. યુપી, પંજાબ અને ઉત્તરાખંડમાં દરેક ઉમેદવાર રૂ. ૪૦ લાખ સુધીનો ખર્ચ કરી શકશે. મણિપુર-ગોવામાં આ ખર્ચ સીમા ૨૮ લાખની રહેશે.

કોરોના દરમિયાન ચૂંટણી પડકારજનક છે, નવા કોવિડ પ્રોટોકોલ લાગુ કરાશે. કોરોના સંક્રમિત પણ મતદાન કરી શકશે, દર્દીઓને પોસ્ટલ બેલેટની સુવિધા અપાશે. ૧૬ ટકા પોલિંગ બૂથ વધારવામાં આવશે. ૨.૧૫ લાખથી વધારે પોલિંગ સ્ટેશન બનશે. એક પોલિંગ સ્ટેશન પર મેક્સિમમ વોટર્સની સંખ્યા ૧૫૦૦થી ૧૨૫૦. ચૂંટણી ખર્ચની સીમા વધારવામાં આવી, મોટાં રાજ્યોમાં ઉમેદવાર રૂ. ૪૦ લાખ સુધીનો ખર્ચ કરી શકશે.

## વિશ્વમાં કોરોના સંક્રમિતની સંખ્યા ૩૦ કરોડને પાર થઈ

નવીદિલ્હી,તા.૦૮

ઓમિક્રોન આવ્યા પછી, વિશ્વના અમુક દેશોમાં રેકોર્ડ સંખ્યામાં સંક્રમણ નોંધાઈ રહ્યું છે. છેલ્લા એક સપ્તાહમાં વિશ્વમાં ૧ કરોડ ૩૫ લાખથી વધુ વાયરસના કેસો સામે આવ્યા છે, જેમાં છેલ્લા સાત દિવસમાં ૬૪ ટકાનો જબરદસ્ત વધારો નોંધાયો છે અને દિવસ દીઠ સરેરાશ ૧૯,૩૮,૩૯૫ સંક્રમણના નવા કેસ નોંધાયા છે.વિશ્વના અન્ય દેશોની જેમ ભારતમાં પણ કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧,૪૧,૯૮૬ નવા કેસ નોંધાયા છે અને ૨૮૫ લોકોના મોત થયા છે. ચિંતાની વાત એ છે કે માત્ર પાંચ રાજ્યોમાં જ કોરોનાના કેસ એક લાખની નજીક પહોંચી ગયા છે. હવે દેશમાં સંક્રમણના કુલ કેસોની સંખ્યા વધીને ૩,૫૩,૬૮,૩૭૨ થઈ ગઈ છે. એક અઠવાડિયા પહેલા જે કેસ ૨૨ હજારની આસપાસ હતા તે માત્ર એક સપ્તાહમાં ૬ ગણાથી વધુ વધીને ૧.૫ લાખની નજીક પહોંચી ગયા છે.કોવિડ-૧૯ રોગચાળાની શરૂઆતથી, લઈને વિશ્વભરમાં નોંધાયેલા કોવિડ-૧૯ કેસોની કુલ સંખ્યા ૩૦ કરોડને પાર કરી ગઈ છે. છહ્લૅના એક અહેવાલમાં અધિકૃત આંકડાઓ અનુસાર આ ગણતરી કરવામાં આવી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના કાર્યાલય દ્વારા ડિસેમ્બર ૨૦૧૯ના અંતમાં ચીનથી આ બીમારીના ફેલાવાની પ્રથમ વખત જાહેરાત કરવામાં આવી હતી. કોવિડ-૧૯ કેસની કુલ સંખ્યા ૩૦૦,૦૪૨,૪૩૯ પર પહોંચી ગઈ. ઝડપથી ફેલાતા કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટને કારણે ગયા વર્ષના અંતથી કેસ વધી રહ્યા છે, જેની ઓળખ સૌપ્રથમ બોત્સ્વાના અને દક્ષિણ આફ્રિકામાં થઈ હતી. કુલ ૩૪ દેશોમાં સાપ્તાહિક કેસોની રેકોર્ડ સંખ્યા જોવા મળી છે. તેમાંથી અઢાર યુરોપમાં, સાત આફ્રિકામાં અને છ લેટિન અમેરિકા અને કેરેબિયનમાં છે. ઓસ્ટ્રેલિયાની જેમ અમેરિકા અને કેનેડામાં પણ રેકોર્ડ સંખ્યા જોવા મળી છે. છેલ્લા સાત દિવસમાં, સાયપ્રસમાં પ્રતિ ૧૦૦,૦૦૦ રહેવાસીઓએ ૩,૪૬૮ કેસ નોંધાયા છે, જ્યારે આયર્લેન્ડમાં ૧૦૦,૦૦૦ રહેવાસીઓ દીઠ ૨,૮૪૦ કેસ નોંધાયા છે. આ દર ગ્રીસમાં ૨,૪૧૫, ડેનમાર્કમાં ૨,૩૬૨ અને ફ્રાન્સમાં ૨,૧૩૭ છે. હાલના કેસ પ્રમાણે ઓસ્ટ્રેલિયા લિસ્ટમાં ૧૨મા ક્રમે છે, જ્યાં છેલ્લા એક અઠવાડિયામાં પ્રતિ ૧૦૦,૦૦૦ લોકોએ ૧,૩૬૧ કેસ નોંધાયા છે. જો કે, કોવિડના કેસોમાં વધારો ભલે થયો છે, પણ મૃત્યુ દરના આંકડામાં હજુ સુધી વધારો થયો નથી. હકીકતમાં, છેલ્લા સાત દિવસમાં મૃત્યુનો દૈનિક વૈશ્વિક સરેરાશ ૬,૧૭૨ છે. જે ગયા અઠવાડિયા કરતા ત્રણ ટકા ઓછો છે. દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વખત મળ્યાના એક મહિના પછી, ઓમિક્રોન હવે કોવિડ-૧૯ના અગાઉના વેરિઅન્ટ કરતાં વધુ સંક્રામક હોવાનું માનવામાં આવે છે, પરંતુ અગાઉના વેરિઅન્ટ કરતા ઓછો ગંભીર છે. છહ્લૅ દ્વારા એકત્રિત કરાયેલા આંકડા રાષ્ટ્રીય આરોગ્ય અધિકારીઓના દૈનિક અહેવાલો પર આધારિત છે.

## દેશના માત્ર ૫ રાજ્યમાં જ કોરોનાના અધધ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૦૮

ભારતમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનની એન્ટ્રી ૨૭ રાજ્યમાં થઈ ચૂકી છે. ઓમિક્રોનના જોખમને લઈ કેન્દ્ર સરકારે રાજ્યોને ત્વરિત ઉપાય કરવા માટે કહ્યું છે. અલગ અલગ રાજ્યની સરકારોએ કોરોના મહામારીના પ્રકોપથી બચવા માટે રાત્રિ કર્ફ્યૂ, વીકેન્ડ કર્ફ્યૂ લાગુ કર્યા છે અને જરૂર વગર ઘરની બહાર ન નીકળવા માટે પણ અપીલ કરી છે.દેશમાં કોરોનાના વધતા કેસોની વચ્ચે ઓમિક્રોનના કેસમાં પણ થોડો વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરેલા આંકડા મુજબ ૨૭ રાજ્યમાં ઓમિક્રોનના ૩,૦૭૧ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૧,૨૦૩ દર્દી ઓમિક્રોનથી સાજા



થયા છે.દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. દેશમાં ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૧,૪૧,૯૮૬ નવા કેસ સામે આવ્યા છે અને ૨૮૫ લોકોના મોત થયા છે. ચિંતાજનક બાબત એ છે કે માત્ર ૫ રાજ્યમાં જ કોરોનાના કેસ ૧ લાખની નજીક પહોંચી ગયા છે. સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં ૪૦,૯૨૫ કેસ, પશ્ચિમ બંગાળમાં ૧૮,૨૧૩ કેસ, દિલ્હીમાં ૧૭,૩૩૫ કેસ, તમિલનાડુમાં ૮,૯૮૧ કેસ અને કર્ણાટકમાં ૮,૪૪૯ કેસ સામે આવ્યા છે. હવે દેશમાં સંક્રમણના કુલ કેસની સંખ્યા વધીને ૩,૫૩,૬૮,૩૭૨ થઈ ગઈ છે. એક અઠવાડિયા પહેલા જે ૨૨,૦૦૦ની આસપાસ હતી, તે માત્ર એક અઠવાડિયામાં ૬ ગણી વધીને ૧.૫૦ લાખની નજીક પહોંચી ગયા છે. દેશમાં કોરોનાના વધતા કેસની વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૪૦,૮૯૫ દર્દી સાજા થયા છે. જેનાથી દેશમાં રિક્વર થયેલા દર્દીઓની સંખ્યા ૩,૪૪,૧૨,૭૪૦ થઈ ગઈ છે. ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૪,૭૨,૧૬૯ છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૧,૦૦,૮૦૬નો વધારો થયો છે.

## મધ્યપ્રદેશમાં પાણીની ટાંકી માંથી ૩ કરોડ મળી આવ્યા

મધ્યપ્રદેશ,તા.૦૮

મધ્યપ્રદેશના દમોહમાં શરાબના ધંધાદારી શંકર રાય અને તેમના ઔભાઈઓ સામે આવકવેરા વિભાગે દરોડા પાડીને કરેલી કામગીરી દરમિયાન બિનહિસાબી સંપત્તિ અને કરચોરીના પુરાવા મળી આવ્યા છે. શંકર રાયના ભાઈ સંજય રાય પાસેથી રૂપિયા ૩ કરોડ અને કમલ રાય પાસેથી રૂપિયા ૨.૫ કરોડની રકમ મળી આવી હતી. આવકવેરા અધિકારીઓએ દસ્તાવેજ જપ્ત કરીને તપાસ શરૂ કરી દીધી છે. આવકવેરા વિભાગના અધિક કમિશનર મુનમુન શર્માએ જણાવ્યા મુજબ રાયબંધુઓને દરોડા પડવાના છે તેવા સંકેત મળી ગયા હતા. તેથી રૂપિયા ત્રણ કરોડ પ્લાસ્ટિકની બેગમાં ભરીને પાણીની ટાંકીમાં છુપાવી દીધા હતા. આવકવેરા અધિકારીઓને ટાંકીમાં ઊતરીને પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલી રોકડ કબજે કરવી પડી હતી. ૫૦ જેટલા વાહનોમાં આવેલા આવકવેરા વિભાગના ૧૦૦ જેટલા અધિકારીઓએ રાય બંધુઓને ત્યાં દરોડો પાડી દીધો હતો. દિવસભર ચાલેલી કામગીરીને અંતે ૬ કરોડ રોકડ, ત્રણ કિલો સોનું, જગુઆર, ઓડી અને લેન્ડ રોવર જેવી ૬ લક્ઝરી કાર મળી આવી હતી. તેના દસ્તાવેજોની તપાસ થઇ રહી છે. બેહિસાબી સંપત્તિ અને ટેક્સચોરીની સમીક્ષા માટે દસ્તાવેજોની ચકાસણી જરૂરી છે. રાયબંધુ શરાબના ધંધા ઉપરાંત હોટેલ અને પરિવહન વ્યવસાય પણ ચલાવી રહ્યા હતા. તેમની પાસે સંખ્યાબંધ બસ છે. કેટલાક સ્થાનિક પેટ્રોલ પંપનું સંચાલન પણ કરે છે. શંકર રાયના નાના ભાઇ રાજુ રાયની પત્ની સાધના રાયની તબિયત અચાનક ખરાબ થઇ ગઇ હતી.

## સુરક્ષાદળોએ એક સપ્તાહમાં ૧૯ આતંકવાદીઓને ઠાર કર્યા

નવીદિલ્હી,તા.૦૮

બડગામના જોલવા ક્રાલપોરા ચદૂરામાં આતંકવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ પોલીસ, સેના અને ઝઈહ્લ અધિકારીઓની એક ટીમે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે જણાવ્યું કે ત્રણ આતંકવાદીઓમાંથી એકની ઓળખ શ્રીનગરના નૌગામના વસીમ મીર તરીકે થઈ છે. ''પ્રારંભિક તપાસ અને પ્રાપ્ત દસ્તાવેજોના આધારે અન્ય બે આતંકવાદીઓ વિદેશી નાગરિકો હોવાનું જણાય છે. જો કે તેની સાચી ઓળખ શું છે તે જાણવામાં આવી રહ્યું છે. ઘટનાસ્થળેથી ત્રણ એકે-૫૬ રાઈફલ પણ મળી આવી છે. પોલીસે જણાવ્યું હતું કે મીર ડિસેમ્બર ૨૦૨૦થી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સક્રિય હતો અને ગયા વર્ષે ૨૨ જૂને પોલીસ અધિકારી ઈન્સ્પેક્ટર પરવેઝ અહેમદની હત્યામાં સામેલ હતો. આઈજીપી કુમારે કહ્યું, 'આતંકવાદીઓએ સંયુક્ત ટીમ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો. આ બાદ સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. બાદમાં ઝઈહ્લ પણ આ ઓપરેશનમાં જોડાયું હતું. તેમણે કહ્યું, 'સંયુક્ત ટીમે તમામ નાગરિકોને સુરક્ષિત સ્થાનો પર લઈ જવાની ખાતરી કરી.

અંધકારને કારણે કોઈ નુકસાન ન થાય તે માટે સર્ચ ઓપરેશન રાત્રી દરમિયાન મોકૂફ રાખવામાં આવ્યું હતું અને શુક્રવારે વહેલી સવારે ઓપરેશન ફરી શરૂ કરવામાં આવ્યું હતું. એન્કાઉન્ટર દરમિયાન સેનાનો એક અધિકારી પણ ઘાયલ થયો હતો. તેને સામાન્ય ઈજાઓ થઈ છે. તે ઈદગાહ શ્રીનગરમાં અલી મસ્જિદ ચોક પાસે ઝઈહ્લ બંકર પર થયેલા ગ્રેનેડ હુમલામાં પણ સામેલ હતો, જેમાં એક નાગરિક અને એક પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. તે મધ્ય કાશ્મીરના યુવાનોનું બ્રેઈનવોશ પણ કરતો હતો અને તેમને આતંકવાદી જૂથોમાં જોડાવા માટે પ્રેરિત કરતો હર્તો આ પહેલા પુલવામા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ પુલવામા જિલ્લાના ચાંદગામ ગામને ઘેરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું, જે એન્કાઉન્ટરમાં ફેરવાઈ ગયું હતું. તેમણે કહ્યું કે સુરક્ષા દળો સાથે ગોળીબારમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા.જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે રાતે થયેલી અથડામણમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ત્રણ આતંકીઓના મોત બાદ છેલ્લા સાત દિવસમાં માર્યા ગયેલા આતંકીઓની સંખ્યા વધીને ૧૯ થઈ ગઈ છે.

## હોંગકોંગમાં આઈસોલેશન વોર્ડના નિયમો સૌથી કડક



હોંગકોંગ,તા.૦૮

હોંગકોંગના આઈસોલેશન વોર્ડમાં દાખલ કોરોના સંક્રમિત વ્યક્તિ માટેની દિનચર્યા નક્કી કરેલી છે. સવારે આઠ વાગે એલાર્મ વાગતાં તેને ઊઠવાનું હોય છે. તેને નક્કી સમયે ભોજન આપવામાં આવે છે. બાકીનો દિવસ નેટફ્લિક્સ કે સોશિયલ મીડિયા પર વીતે છે. વોર્ડમાં રહેતાં દર્દીઓ માટે બપોરનો સમય પસાર કરવો ખૂબ મુશ્કેલ હોય છે. કેમ કે બપોર પડતાં સુધીમાં તો તે સોશિયલ મીડિયા અને નેટફ્લિક્સથી પણ ઊઠી ગયો હતો. આઈસોલેશન વોર્ડમાં રહેલા દર્દીની સૌથી મોટી મુશ્કેલી એ છે કે બે વાર નેગેટિવ રિપોર્ટ આવે તે પછી પણ દર્દીને બે સપ્તાહ સુધી આઈસોલેટ રહેવું પડે છે. તેથી એક વાર વોર્ડમાં પહોંચ્યા પછી તબીબ કે દર્દી બેમાંથી કોઇ નક્કી નથી કરી શકતા કે દર્દી આઈસોલેશન વોર્ડમાંથી બહાર ક્યારે આવશે.વિશ્વમાં ફરી એકવાર કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોના સંક્રમણના ત્રીજા મોજાના પ્રકોપથી બચવા માટે આ વખતે એક પણ દેશ છૂટછાટ નથી આપવા માંગી રહ્યો. તેવામાં તમામ દેશો કડક નિયમોનો અમલ કરાવી રહ્યા છે, પરંતુ ચીન અને હોંગકોંગ બે જ એવા દેશો છે કે જે ઝીરો કોવિડ નીતિ પર કામ કરી રહ્યા છે. અહીં આઈસોલેશનના નિયમો વિશ્વના અન્ય દેશો કરતાં કઠોર છે. આઈસોલેશન વોર્ડમાં જનારી વ્યક્તિને તે બાબતની પણ જાણકારી નથી હોતી કે તે ઘેર પાછો ક્યારે આવશે. લંડનથી હોંગકોંગ ગયેલી એક વ્યક્તિને આઈસોલેટ કરવામાં આવી હતી. ત્રણ સપ્તાહ વીતી ગયા પરંતુ તે આઈસોલેટ જ છે. મીડિયા અહેવાલ મુજબ તે વ્યક્તિ ૧૯ ડિસેમ્બરે હોંગકોંગ પહોંચી હતી.

## ચીનમાં ઉઈગર મહિલાને કુરાન છુપાવવાના ગુનામાં ૪ વર્ષની સજા ફટકારી

ચીન,તા.૦૮

પોલીસે અડધી રાત્રે હસીયતના ઘરમાં ઘુસીને તેના ચહેરા પર કાળો નકાબ પહેરાવી દીધો હતો. અધિકારીઓએ ન તો હસીયતને અન્ય કપડાં પહેરવા દીધા અને ન તો દવાઓ ખાવા દીધી. હસીયતને ૧૪ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે બાળકોને કુરાન શીખવવા અને કુરાનની બે નકલો છુપાવવા બદલ તેને આ સજા આપવામાં આવી છે. હસીયતની ધરપકડના નવ વર્ષ પહેલાં, તેના પતિને 'અલગાવવાદ'ના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને ૨૦૦૯માં તેને જેલની સજા ફટકારવામાં આવી હતી. સ્વાસ્થ્યના કારણોસર તેની ધરપકડના બે વર્ષ પહેલા હસીયતે બાળકોને ભણાવવાનું બંધ કરી દીધું હતું. હસીયત ઘણીવાર સાર્વજનિક કાર્યક્રમોમાં ભાગ લેવાનું ટાળે છે. ચીની અધિકારીઓએ 'ધાર્મિક ઉગ્રવાદ' અને 'આતંકવાદી પ્રવૃત્તિઓ'ને કથિત રૂપે ડામવા માટે શિનજિયાંગમાં સંખ્યાબંધ ઉઇગર ઉદ્યોગપતિઓ, બુદ્ધિજીવીઓ અને સાંસ્કૃતિક અને ધાર્મિક વ્યક્તિઓને નિશાન બનાવી તેમની ધરપકડ કરી છે. એવું માનવામાં આવે છે કે ચીને ૨૦૧૭થી શિનજિયાંગમાં લાખો ઉઇગર મુસ્લિમોને ડિટેન્શન કેમ્પમાં રાખ્યા છે, જેના સેટેલાઇટ છબીઓ અને તપાસ અહેવાલો દ્વારા પુરાવા મળે છે. અમેરિકાએ ડિસેમ્બરમાં ઉઇગર મુસ્લિમોના માનવાધિકારના ઉલ્લંઘનને લઈને ચીન સામે નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. અમેરિકન સરકારે જણાવ્યું હતું કે તે શિનજિયાંગ પ્રાંતમાં માનવ અધિકારોના ઉલ્લંઘન માટે ઘણી ચીની બાયોટેક અને સર્વેલન્સ કંપનીઓ પર નવા પ્રતિબંધો લાદી રહી છે. વાણિજ્ય વિભાગ ચીનની એકેડેમી ઓફ મિલિટરી મેડિકલ સાયન્સ અને તેની ૧૧ સંશોધન સંસ્થાઓને નિશાન બનાવી રહ્યું છે જે ચીની સૈન્યને મદદ કરવા માટે બાયોટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ભારતમાં આવનાર વિદેશ પ્રવાસીઓને ૭ દિવસ ક્વોરન્ટાઈન કરાશે

નવીદિલ્હી,તા.૦૮

પીએમ મોદીએ કોલકાતામાં ચિત્તરંજન રાષ્ટ્રીય કેન્સર સંસ્થાના બીજા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે કોરોના એ છેલ્લા ૧૦૦ વર્ષની સૌથી મોટી મહામારી છે જેનો આપણે સાથે મળીને સામનો કરી રહ્યા છીએ. દેશમાં અત્યાર સુધીમાં વેક્સિનના ૧૫૦ કરોડ ડોઝ અપાઈ ચૂક્યા છે જે મહાન સિદ્ધિ સમાન છે.

દેશમાં યોગ્યતા ધરાવતા ૯૦ ટકાથી વધુ પુખ્તોને વેક્સિનનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. ફક્ત ૫ દિવસમાં દોઢ કરોડથી વધુ કિશોરોને વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. આ સિદ્ધિ આપણા દેશની અને દરેક રાજ્યની છે. આપણે નવા વર્ષ ૨૦૨૨ની શરૂઆત ૧૫થી ૧૮ વર્ષનાં કિશોરોને વેક્સિન આપવા સાથે કરી છે.દેશમાં કોરોનાના કેસ કૂદકે ને ભૂસકે વધતા કેન્દ્ર સરકાર દ્વારા નવી ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે. જે મુજબ વિદેશથી આવનારા તમામ પ્રવાસીઓ માટે સાત દિવસ હોમ ક્વોરન્ટાઈન ફરજિયાત કરવામાં આવ્યું છે.

જેમનો એરપોર્ટ પર ટેસ્ટ નેગેટિવ આવ્યો હોય તેમણે પણ ૭ દિવસ હોમ ક્વોરન્ટાઈન રહેવું પડશે. એર સુવિધા પોર્ટલ પર સેલ્ફ ડેક્લેરેશન ભરવું પડશે. ટ્રાવેલનાં ૭૨ કલાક પહેલા નેગેટિવ ઇૃ-ઁઝઇ રિપોર્ટ અપલોડ કરવાનો રહેશે. કોરોનાનાં લક્ષણ વિનાનાં કે હળવાં લક્ષણો ધરાવતા લોકોએ ૧૪ને બદલે ૭ દિવસ ક્વોરન્ટાઈન રહેવું પડશે. સરકારે આ માટે ૧૯ દેશોને હાઈ રિસ્ક કન્ટ્રી ગણ્યા છે. શુક્રવારે દેશમાં કોરોના કેસની સંખ્યા સવા લાખને પાર થઈ છે. મહારાષ્ટ્રમાં ૪૦,૯૨૫ કેસ નોંધાયા છે. બીજી તરફ સતત બીજા દિવસે ઈટાલીથી અમૃતસર આવેલી બે ફ્લાઈટ્સમાં ૧૭૩ કોરોના પોઝિટિવ જણાયા છે. બંને ફ્લાઈટમાં કુલ ૨૭૬ પ્રવાસી હતા. ઉલ્લેખનીય છે કે ગુરુવારે અમૃતસર આવેલી એક ચાર્ટર ફ્લાઈટમાંથી ૧૬૩ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા.

જન ફરિયાદ



# તંત્રી લેખ

## કનકપરને પશ્ચિમ ભારતના બીજા નંબરના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદગી

*કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વિવિધ અવૉર્ડ પૈકી ગુજરાત અદાણી ફાઉન્ડેશનને બેસ્ટ ઈન્ડસ્ટ્રી ફોર સીએસઆર એક્ટિવિટી માટે પ્રથમ નંબરના અવૉર્ડની જાહેરાત કરાઈ છે. જળશક્તિ મંત્રાલય દ્વારા ૧૧ વિવિધ શ્રેણીઓમાં રાજ્યો, સંસ્થાઓ અને વ્યક્તિઓ વગેરેને પુરસ્કાર અપાય છે.અબડાસા તાલુકામાં બે ટર્મથી મહિલાશાસિત સમરસ પંચાયત ધરાવતા છેવાડાના કનકપર ગામમાં સહિયારા પ્રયાસોથી પાણીની બચત સાથે જળસંચય માટે થયેલી શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા પશ્ચિમ ભારતના બીજા નંબરના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદગી કરાઈ છે અને શ્રેષ્ઠ ગ્રામપંચાયતના અવૉર્ડની જાહેરાત કરાઈ છે. રાજ્યમાં સૌથી ઓછા વરસાદવાળા જિલ્લા કચ્છમાં પીવા અને સિંચાઈ માટે પાણીની ખપત વધુ છે, એમાં વળી અબડાસાના છેવાડાનાં ગામોમાં તો પાણીના એક-એક ટીપાની કિંમત વિશેષ હોય છે. મહિલાઓ અને ખેડૂતો જ પાણીની કિંમત સમજી શકતા હોય છે ત્યારે અબડાસામાં સતત બે ટર્મથી સરપંચથી લઈને સમગ્ર બોડી મહિલા સમરસ ધરાવતા ગામ કનકપરમાં સહિયારા પ્રયાસોથી ભૂગર્ભ જળ રિચાર્જ, સ્વચ્છતા, પાણીનો કરકસરયુક્ત ઉપયોગ વગેરે ક્ષેત્રે સહિયારા પ્રયાસોથી થયેલી શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કારમાં અબડાસાના કનકપરને પશ્ચિમ ભારતના બીજા નંબરના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદગી કરાઈ છે અને શ્રેષ્ઠ ગ્રામપંચાયતના અવૉર્ડની જાહેરાત કેન્દ્રીય જળશક્તિમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કરી છે. ગામના પ્રગતિશીલ ખેડૂત અગ્રણી વાડીલાલભાઈ પટેલે જણાવ્યું હતું કે પાણીની બચત માટે ૨૦૦૫થી ૧૦૦ ટકા ડ્રિપ ઈરિગેશનથી સિંચાઈ કરાય છે. વધુમાં ગામના ખેડૂતો દ્વારા પોતાનાં ખેતર તથા વાડીમાં તૂટી ગયેલા બોરવેલ રિચાર્જ કરવાની કામગીરી ૩૦ જેટલી અલગ અલગ જગ્યાએ વર્ષ ૨૦૧૯થી કરાય છે, જેમાં દર વર્ષે અબજો લિટર પાણી જમીનમાં સંગ્રહ થાય છે. વાસ્મો યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના, ઊંચી ટાંકી વગેરે બનાવી ગામમાં ૨૪ કલાક પાણી મળે છે. અને વાસ્મોના સહયોગથી ગટર યોજનાના તેમજ એસ.ટી.પી. (ગંદા પાણી શુદ્ધીકરણ પ્લાન્ટ) બનાવાયું છે, જેની ખાસિયત એ છે કે ગટરનું પાણી શુદ્ધ કરી ખેડૂતોને ખેતી માટે વાપરવામાં આવે છે. પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના હસ્તે નિર્મળ ગામનો પુરસ્કાર, સીડમની અવૉર્ડ, ૨૦૧૦-૧૧માં તાલુકાની અને જિલ્લાની શ્રેષ્ઠ ગ્રામપંચાયત, ૧૦૦ ટકા ટપક સિંચાઈ, શ્રેષ્ઠ પાણી સમિતિ, ગૌચર જમીનના સંરક્ષણ અને વિકાસ માટે ગૌસેવા સમિતિને ૨૦૨૧નો આંતરરાષ્ટ્રીય અવૉર્ડ ઉપરાંત શિક્ષણ ક્ષેત્ર સહિત આ ગામને અનેક અવૉર્ડ મળી ચૂક્યા છે.*

*વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ સંખ્યામાં સ્ત્રીઓની સંખ્યા પુરુષોની સંખ્યા કરતાં વધુ છે. પંચાયતીરાજ આવ્યા ત્યારથી માત્ર એક વખત વર્ષ ૧૯૮૫માં સરપંચની ચૂંટણી થઈ છે. ત્યાર બાદ ગ્રામપંચાયતના ઈતિહાસમાં ક્યારે પણ ચૂંટણી થઈ નથી, જે ગામની એકતાનું દર્શન કરાવે છે.*

*તદુપરાંત કનકપર ગામની પાણી સમિતિ પણ સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત પાણી સમિતિ છે. આ રીતે અત્યારના આધુનિક યુગમાં કનકપર ગામનું સઘળું સુકાન મહિલાઓના હાથમાં છે, જે ખૂબ મોટી વાત છે.*

## ત્રીજી લહેરમાં માત્ર ૭ થી ૧૦ દિવસમાં ૧૦ હજાર કેસ થઈ શકે છે : ડો. વિનોદ રાવ

વડોદરા,તા.૦૮

વડોદરામાં કોરોનાના કેસો ગત વર્ષે એપ્રિલમાં તબ્બકા રીતે વધવાનું શરૂ થયું હતું અને મે મહિનામાં સ્થિતિ ગંભીર બની હતી.જેમાં, તા.૪ મેના રોજ એક જ દિવસમાં ૧૧ હજાર દર્દી હોસ્પિટલમાં દાખલ હતા. આ જ મહિનામાં તા.૭ મેના રોજ કોવિડ પોઝિટિવના ૯૮૯ દર્દી નોંધાયા હતા કે જે એક દિવસમાં સૌથી વધુ પોઝિટિવ હોવાનો આંક છે. વડોદરામાં ૧ એપ્રિલ,૨૦૨૧ના રોજ કુલ ૨૮૭૮૦, તા.૩ મે ના રોજ ૪૬૭૧૨ અને તા.૪ મે ના રોજ ૪૮૫૮૬ કેસનો આંકડો નોંધાયો હતો.આમ,૧ મહિના અને ૩ દિવસમાં ૧૯૮૦૬ કેસનો ઉછાળો આવ્યો હતો.કોરોના સંક્રમણની ગતિ જે રીતે વધી રહી છે તે જોતા સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ શકે છે તેવી દહેશત શિક્ષણ સચિવ અને કોરોના સામેની લડતમાં ફરી એક વખત વડોદરાની બાગડોર જેના હાથમાં છે તેવા ડો. વિનોદ રાવે વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે બીજી લહેરમાં ૧૦ હજાર કેસ થતાં એકથી દોઢ મહિનો લાગતો હતો, સંભવિત ત્રીજી લહેરમાં આ આંક માત્ર ૭થી ૧૦ દિવસમાં થઈ જવાની શકયતા છે. જેને લઈને તૈયારીઓ આરંભી દેવાઈ છે. ખાસ કરીને રોજના ૧૦૫ કેસથી વધીને એક દિવસમાં ૯૮૯ કેસ થવામાં ૫૦ દિવસ લાગ્યા હતા. કોરોનાના નવા સ્વરૂપ આવી રહ્યા છે અને કેસો પણ દિવસે દિવસે વધી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે ફરી વડોદરાની જવાબદારી પૂર્વ મ્યુ.કમિશનર ડો.વિનોદ રાવને આપી છે અને તેમણે મ્યુ.કમિશનર,આરોગ્ય વિભાગ સહિતના મહત્વના વિભાગોના અધિકારીઓ સાથે વર્ચ્યુલ બેઠક પણ કરી હતી. કે,કોરોનાની અગાઉની લહેરોમાં કેસો પ્રમાણે તૈયારી કરાતી હતી પણ હવે સંભવિત લહેરમાં એકદમ ખરાબ સ્થિતિ માની લઈને જ તૈયારી કરાઈ છે. કારણકે સંક્રમણની ગતિ ખૂબ જ ઝડપથી વધશે તેવું હાલના તબક્કે મનાઈ રહ્યું છે.

ધીમી ગતિએ કેસોમાં વધારો થતો હતો અને દસ હજાર સુધી પહોંચવાનો એકથી દોઢ મહિનાનો સમય અગાઉ લાગતો હતો પરંતુ હવે આટલા જ કેસો સુધી પહોંચવામાં સાતથી દસ જ દિવસ લાગી શકે છે. બીજી વેવમાં જ્યારે ખૂબ ગંભીર સ્થિતિ હતી ત્યારે એક જ દિવસમાં ૧૧ હજાર બેડ ભરાયેલા હતા અને તે સમયે ૧૪,૦૦૦ બેડની વ્યવસ્થા કરાઈ હતી. નવી સ્થિતિને પહોંચી વળવા બે દિવસ અગાઉ જ શહેરની હોસ્પિટલ સંચાલકોને એલર્ટ મોડ પર મૂકી દેવાયા હતા અને તેની સૂચના અપાઈ હતી. કોરોનાની અગાઉની સુનામી એકથી દોઢ મહિનો લાગતો હતો પરંતુ આ વખતે ૭ થી ૧૦ દિવસનો સમય લાગશે તેવું હાલના તબક્કે મનાઈ રહ્યું છે.જોકે હોસ્પિટલોમાં દાખલ કરવા પડે તેવી ગંભીર સ્થિતિ નહી હોય પરંતુ તકેદારીરૂપે તમામ તૈયારીઓ હાથ પર લેવાઈ છે.

# વાત એક નાનકડી-૨ / હૈયે રાખી હામ, ઉજાળીએ આપણું નામ

વાત એક નાનકડી




જેફરી પ્રેસ્ટન બેઝોસ.

આ નામ થોડું અજાણ્યું લાગ્યું, ખરું ને? ઓકે. ચાલો એ નામ થોડું જાણીતું લાગે એવી રીતે નાનું કરીને વાંચીએ. જો કે નામ નાનું કરવાથી એમનું કામ નાનું નથી થવાનું કે એમના વ્યક્તિત્વની પ્રતિભાય નાની નથી થવાની. પણ વધુ ઓળખ છતી થશે.

આજે ચારેકોર જેની કંપનીની બોલબાલા છે. જેની સફળતાની ગાથા વિશ્વભરમાં ગવાઈ રહી છે એવી વ્યક્તિ એટલે જેફ બેઝોસ. જેનું પૂરું નામ જેફરી પ્રેસ્ટન બેઝોસ.

જેને દૂરંદેશી અથવા દીર્ઘદૃષ્ટિ કહીએ, એ આ વ્યક્તિની મૂળ પ્રકૃતિ. જ્યાં સામાન્ય માણસના વિચારો અટકે, કદાચ ત્યાંથી એના વિચારો શરૂ થાય.

એક ઈન્ટરવ્યુમાં એમણે કહ્યું હતું કે, હું પાંચ વર્ષનો હતો ત્યારથી અવકાશયાત્રાએ જવાનું મારું સપનું હતું. જે એમણે સાકાર કર્યું. ઉદ્યોગપતિ, મીડિયા પ્રોપરાઈટર, ઈન્ટરનેટ ઉદ્યોગપતિથી માંડીને અનેક સફળ બિઝનેસમેન તરીકે જેમની ખ્યાતિ છે એવા જેફ બેઝોસે ૧૯૯૪માં એમોઝોન કંપનીની શરૂઆત સિયેટલના એમના ઘરના ગરાજમાં કરી હતી, જે જોત જોતામાં એ એક નાનકડી જગ્યામાંથી વિશ્વવ્યાપી બની ગઈ.

જેફ બેસોઝની કંપનીઓ અને એમની કમાણીની વાત કરવાનો અહીં આશય નથી. વાત કરવી છે એમની વિચાર શક્તિની, કાર્યક્ષમતાની, ડેડીકેશનની. એમેઝોન કંપની શરૂ કરી ત્યારે એમણે જાતે પુસ્તકો પેક કર્યા છે. અને આપણે જોઈએ, જાણીએ છીએ વર્તમાનમાં અનેક ક્ષેત્ર સુધી આ એમેઝોન કંપની વ્યાપી છે.

એક સમય હતો જ્યારે એ નોકરી કરતા હતા. પણ અંદરની ધગશ કંઈક જુદું જ કરવા પ્રેરતી હતી. સપના પૂરા કરવા નોકરીને તિલાંજલિ આપી દીધી. તે સમયે સપના પૂરા થશે કે કેમ, એની મનમાં નિશ્ચિતતા નહીં હોય. પણ એક વાત મનમાં નિશ્ચિત હતી કે, સપના પૂરા કરવા પ્રયાસ તો કરવો જ છે. પ્રયાસ નિષ્ફળ જશે એનો અફસોસ નહીં થાય પણ, પ્રયાસ પણ ન કર્યો હોત તો એનો અફસોસ હંમેશા રહી જાત.

નામ ગણાવા બેસીએ આપણા ભારતના સન્માનીય ઉદ્યોગપતિથી માંડીને વિશ્વભરના અનેક ઉદ્યોગપતિના લઈ શકાય. એ સૌ દીર્ઘદૃષ્ટા જ હશે ત્યારે વિશ્વવ્યાપી નામના પામ્યા છે.

પણ આજે આ એક જ વ્યક્તિનું નામ યાદ આવવાનુંય એક કારણ તો છે જ. વર્તમાનમાં વિશ્વ આખાને ભરડામાં લઈ બેઠેલા કોવિડના સમયમાં લોકમાનસ કે લોકજીભે સૌથી વધારે રમતું નામ એમેઝોનનું છે.

સાવ ઘરમાં જ પૂરાઈ રહેવાના દિવસો આવ્યા ત્યારે જીવન જરૂરિયાત માટે સૌથી મોટો આશરો હતો એમેઝોનનો. અમેરિકા જ નહીં દેશ-વિદેશમાં નાનામાં નાની ચીજની ડિલિવરી માટે ઘેર ઘેર અમેઝોન ડિલિવરી વાન પહોંચી છે. એટલું જ નહીં જીવન ઉપયોગી તમામ ચીજો માટે ય આજે એમેઝોન યાદ આવે એવી પરિસ્થિતિ ફરી ઊભી થવા માંડી છે. ઈન્સ્ટાકાર્ટ અને એમેઝોનની સર્વિસ થકી છેલ્લાં બે વર્ષથી આપણને ઘણી સગવડ અને સલામાતી મળી છે.

આ નેટવર્ક કંઈ રાતોરાત તો ઊભું નહીં થયું હોય ને?

ત્યારે વિચાર આવ્યો કે બેઝોસે જ્યારે પણ નવી શરૂઆત કરી હશે, સાહસનાં પગરણ માંડ્યા હશે ત્યારે મનમાં કોઈ ચોક્ક્સ દિશા કે ધ્યેય હશે? એમના મનમાં સફળતા અંગે કોઈ અવઢવ રહી હશે ખરી? કયા બળ કે બુદ્ધિના સહારે આવા સાહસો ખેડ્યાં હશે?

આવા સાહસિકો એવું વિચારતા હશે ખરા કે,'' જો હું ચાલવાનું શરૂ કરીશ તો નિશ્ચિત લક્ષ્યાંક સુધી પહોંચવાની શક્યતા રહેશે. પહોંચાશે કે નહીં એના ભયથી વિચાર્યા કરીશ કે ચાલવાનું ટાળ્યા કરીશ તો કશે નહીં પહોંચું.''

ક્યારેક એવું બને કે મનના કેટલાક અટપટા સવાલોના જવાબ અનાયાસે મળી જાય. આજે એવું જ બન્યું. મારા મનના આવા સવાલોના જવાબરૂપે જ જાણે આજે એક વાત વાંચવામાં આવી.

★★★★★

પહાડી પ્રદેશના તીર્થસ્થાનની તળેટીએ એક માણસની દુકાન હતી. દર્શને જતા યાત્રીઓને ભગવાનને ચરણે ધરવાના જે સામાનની જરૂર પડે એ આ દુકાને મળી રહેતો.

એક દિવસ એ દુકાનદારને વિચાર આવ્યો કે આટલા બધા યાત્રીઓ દેવ દર્શને જાય છે એમ હું પણ આજે નહી તો કાલે દેવ દર્શને જઈશ ખરો. વર્ષો પસાર થઈ ગયા અને એ દુકાનદારની વય પણ વધી ગઈ. યુવાનીમાંથી પ્રૌઢાવસ્થા અને પ્રૌઢાવસ્થામાંથી વૃદ્ધાવસ્થા સુધી પહોંચવાનો સમય આવ્યો ત્યારે એ સફાળો જાગ્યો. દર્શને જવાનો નિરધાર કરીને એ નીકળ્યો. ઉંમરના લીધે ગતિ ઘટતી ગઈ હતી. સવારનો નીકળેલો, રાત પડવા આવી. જો કે સંપૂર્ણ તૈયારી સાથે એ નીકળ્યો હતો. ફાનસ પેટાવીને ચાલવાનું શરૂ કર્યું. પણ મનમાં અનિશ્ચિતતા હતી કે આ ફાનસના અજવાળે છેક ઉપર સુધી કેવી રીતે પહોંચાશે?

એટલામાં બીજો એક પ્રવાસી ત્યાંથી પસાર થયો. એના હાથમાંય ફાનસ હતું. આમ અધવચ્ચે ઊભેલા યાત્રીને જોઈને એણે પૂછ્યું,

“કાં વડીલ, આમ અટકીને કાં ઊભા રહી ગયા?''

“ભાઈ, વિચારું છું કે ફાનસના આટલા અજવાળામાં આ અંધારપટ શે કપાશે?''

“બસ આટલી જ વાત ! અંધકાર તો ત્યાં છે જ્યાં ફાનસનું અજવાળું નથી પહોંચતું. પણ તમે જેટલાં ડગલાં આગળ હાલશો એમ એટલાં ડગલાં ફાનસનું અજવાળુંય આગળ હાલવાનું કે નહીં?''

અને પેલા વયસ્કના મનમાંય અજવાસ ફેલાઈ ગયો.

વાત નાનકડી પણ કેવી મઝાની?

એમેઝોન કંપનીના સ્થાપક જેવી અનેક સફળ વ્યક્તિઓ છે, જેમણે આમ હૈયે હામ લઈને ડગલાં ભરવાની શરૂઆત કરી ત્યારે સફળતાની ટોચે પહોંચ્યા હશે.

આપણાંય હાથમાં હામનું ફાનસ છે તો આગળ માર્ગ તો દેખાવાનો જ છે.

રાજુલ કૌશિક

## અંતરનાં આયનામાં

(લેખાંક - ૮૬)
વર્ષા જાની



જવાબદારી સ્વીકારવાની ક્ષમતા એ માણસની પ્રતિભાનો માપદંડ છે.કેટલાંક લોકોને જવાબદારી ઉપાડવી ગમતી હોય છે. તો કેટલાંકને જવાબદારીથી છટકબારી પણ!બાળક જયારે સ્કૂલમાં જાય, સમજણું થાય ત્યારે નાનપણમાં જ એનામાં વર્ગનાં મોનિટર બનીને હોંશે હોંશે જવાબદારી ઉપાડવાની કામગીરી બજાવતા હોય છે!એમાંય ઘણીવાર કેટલાય માતાપિતા પોતાના સંતાનને વર્ગનાં કેપ્ટન કે શાળા, કોલેજના જી. એસ. બનવાની ના પાડતા હોય છે! માબાપ પોતે તો જવાબદારી માંથી દૂર ભાગવાની કોશિશ કરતાં હોય છે, કાં તો જવાબદારી ટાળવાની! કેટલાંક વિદ્યાર્થીઓ તો ખૂબ ચીવટપૂર્વક, પોતાની કોઠાસૂઝનો ઉપયોગ કરીને વર્ગનાં વિદ્યાર્થીઓને કલાકો સુધી સંભાળી શકવાની ક્ષમતા પણ ધરાવતા હોય છે. ઘણીવાર શાળામાં નવાં નવાં કોઈ શિક્ષક જોડાયા હોય અને ક્લાસમાં જાય ત્યારે એનામાં ક્લાસ કંટ્રોલ નો અભાવ હોય! વર્ગમાં શાંતિ ન રખાવી શકતાં હોય ત્યારે ઘણીવાર વર્ગનાં કેપ્ટન વિદ્યાર્થી દ્વારા વર્ગમાં શાંતિ રખાવવામાં આવતી હોય છે.ત્યારે એ શિક્ષક કરતાં વિદ્યાર્થી ચડિયાતો પુરવાર થાય છે.આમ દરેક ક્ષેત્રમાં કેપ્ટનની જવાબદારી ખૂબ ઝીણવટ ભર્યું કામ માંગી લે છે. ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ, કબડ્ડી વગેરે જેવી રમતોમાં પણ જો કેપ્ટન પોતાની આવડત અને સૂઝબુઝ ધરાવનારો હોય તો સમગ્ર ટીમને ઉન્નત કક્ષાએ પહોંચાડે છે. ટીમ પોતાના અંતિમ ગોલ સુધીની સફળતા પણ હાંસિલ કરી શકે છે!જો કેપ્ટન પાણીદાર હોય તો જ!

આમ જોઈએ તો જવાબદારી સંભાળવાના મૂળ બાળપણથી જ ફૂટતા હોય છે. પછી ધીમે ધીમે સમયાંતરે અને યોગ્ય સમયે પોતાની આવડતની શક્તિ મુજબ એ વિક્સતા હોય છે.

કેટલાંક લોકો જવાબદારી ઉત્તમ રીતે નિભાવી જાણતા હોય છે, તો કેટલાક જવાબદારી વેઢારી જાણતા હોય..! ઢસરડા કરીને કે ગમે તેમ રીતે જવાબદારી તો નિભાવવી જ પડે છે. તો પછી એ જવાબદારી માંથી ભાગવાને બદલે એને જો પ્રેમથી, હળવાશથી સ્વીકારી લઈએ તો એ જવાબદારી બોજલ બનતી નથી. એ જવાબદારી ભારરૂપ બનવાને બદલે ઉત્સવ બનીને રહેશે.

ઘણીવાર એવું પણ બને છે કે ઘણાં લોકો એકસાથે અઢળક જવાબદારી નો પોટલો ઉંચકીને પણ ફરતાં હોય છે. ગજા ઉપરાંતનું કામ માણસને નીરસ બનાવે છે.

॥ अतिभारः पुरुषमवसादयति ॥

અતિ બોજ વહન કરનાર પુરુષ થાકી જાય છે.

જે શાસક પોતાની ક્ષમતા કરતાં વધુ કાર્યભાર સંભાળે તે થાકી જાય છે.તેવી રીતે શાસકે પણ મંત્રીઓ, અધિકારીઓ કે કર્મચારીઓ પર તેની ક્ષમતાથી અધિક કાર્યબોજ ન નાંખવો જોઈએ, અન્યથા તે થાકી જાય અને કામ કરે તો પણ તેમાં કોઈ ભલીવાર ન હોય.એ કામ માત્ર કામના અર્થમાં કરેલું કામ જ બની રહે છે. એ કામમાં માત્ર હાથ પગનો ઉપયોગ જ થયેલો હોય છે. દિમાગનો નહી, બુદ્ધિનો નહી!

કોઈપણ કામ સંપૂર્ણ રીતે કરવા માટે હાથપગ, દિમાગ અને હૃદયનો સજાગપણે ઉપયોગ થવો જરૂરી હોય છે. કોઈપણ કામ કે જવાબદારી નાની કે મોટી હોતી નથી. જવાબદારી એ જવાબદારી જ છે.. એને કેમ અને કઈ રીતે નિભાવી જાણવી એ વ્યક્તિનાં હાથમાં છે.

પછી જવાબદારીથી છટકવા માટે તો અઢળક બહાના હાથવગા જ હોય!અમારે આમ હતું ને અમારે તેમ હતું, એ વખતે જવાબદારી ઉઠાવવાની અમારી પરિસ્થિતિ ન હતી.. વગેરે.. વગેરે.. એકલા બહાનાઓની હારમાળા..!! તો ઘણાં લોકો એમ પણ કહેતા હોય છે કે “યાર, જવાબદારીનાં પોટલાંઓએ તો અમારાં જીવનના રંગો છીનવી લીધા!પણ જીવનના રંગોનું મેઘધનુષ તો ગમે તે પરિસ્થિતિમાં ખીલી ઊઠે. શરત માત્ર એટલી જ કે એ વખતે આપણે આપણા અસ્તિત્વથી સજાવવી જોઈએ.

રંગ તમારા અસ્તિત્વમાં હોવો જોઈએ..

પરિસ્થિતિ તો બ્લેક એન્ડ વ્હાઈટ જ રહેવાની!

શૂન્ય બનીને પણ બધે ખુદની કિંમત વધારી શકાય, બસ, આપણને આપણાં સ્થાનની ખબર હોવી જોઈએ

વર્ષા જાની
ભાવનગર
૯ જાન્યુઆરી ૨૦૨૨

## નવાબંદરની બોટ પર હુમલો કરી બોટને તોડી નાંખી

ઉના,તા.૦૮

ઊના તાલુકાના નવાબંદર, સૈયદ રાજપરા નજીકનાં દરિયામાં મહારાષ્ટ્રની સંખ્યાબંધ બોટો ઘાતક હથિયાર સાથે આવીને ગેરકાયદેસર રીતે ફીશીંગ કરી જાય છે. સ્થાનિક માછીમારોની ફીશીગ નેટને નુકસાન કરીને ફીશીંગ પણ કરવા દેતા નથી. ખુલ્લેઆમ ગુંડાગીરી કરીને સ્થાનિક માછીમારોની બોટોને ચારે તરફથી ઘેરી લઈ એકબીજી બોટો સાથે ટક્કર મારી ડુબાડી દેવાના પ્રયાસ કરવા સાથે બોટના ટંડલ અને ખલાસીઓ પર હુમલા કરતા હોવાથી આ વિસ્તારના માછીમારોમાં ભારે રોષ છવાયો છે. ઊનાના નવાબંદરના કૈલાસ હરીભાઈ સોલંકીની માલીકીની સાગર પૂજન નામની બોટ ગઈકાલે મધરાતે દરીયા કિનારેથી ૫૦ નોટીકલ માઈલ દૂર મધદરિયે ફિશીંગ કરી રહી હતી. ત્યારે અચાનક મહારાષ્ટ્રની સંખ્યા બંધ બોટોએ તેને ઘેરી લઈને આતંક મચાવ્યો હતો. આ બોટને પાણીમાં ડુબાડી દેવા પ્રયાસ કરી પાંચેય માછીમારોને પાઈપ અને ધોકાથી ઢોરમાર માર્યો હતો. તેઓએ ભાગવાની કોશીષ કરતાં ૪ બોટો સાથે પીછો કરી કાચની બોટલોના છુટા ઘા કર્યા હતા. અને બોટને ભારે નુસાન પહોંચાડ્યું હતું. આ બોટનાં ખલાસી હરીભાઈ બાબુભાઈ બાંભણીયા, રામજીભાઈ બચુભાઈ સોલંકી (રે. નવાબંદર), હસમુખભાઈ ગોવિંદભાઈ શીયાળ (રે. કાજરડી), મહેશભાઈ ભીમાભાઈ સિલોત અને બોટના ટંડેલ મોહન ગોવિંદભાઈ શીયાળ (રે. વાંસોજ) ને ઈજાગ્રસ્ત હાલતમાં ઊના સરકારી હોસ્પીટલે ખસેડાયા છે. બનાવને પગલે નવાબંદરનાં સરપંચ સોમવારભાઈ માંડણભાઈ મજેઠીયા સહિત માછીમાર સમાજના લોકો હોસ્પીટલે દોડી ગયા હતા. અને ભારે રોષ વ્યક્ત કર્યો હતો.સૌરાષ્ટ્રનાં અરબી સમુદ્રમાં સંખ્યાબંધ મહારાષ્ટ્રની બોટો મધરાત્રે નવાબંદર અને સૈયદ રાજપરા નજીકનાં ૫૦ નોટીમાઈલ દરિયામાં ઘૂસી દાદાગીરીથી ફીશીગ જાળ બિછાવી કિંમતી માછલીનો જથ્થો ઉપાડી લઈ જતાં હોય છે. તેનાં કારણે સ્થાનિક નાનાં બંદરોનાં માછીમારોને ભૂખે મરવાનો વારો આવે છે. આવી જ ઘટના નવાબંદરથી ૫૦ નોટીકલ માઈલ દૂર દરિયામાં બની હતી.

## રાજકોટમાં મધુરમ કન્સ્ટ્રકશને એક જ દિવસે ૧૦ બિલ મુક્યા બંધા મંજૂર

રાજકોટ,તા.૦૮

મધુરમ કન્સ્ટ્રક્શનને ઈસ્ટ ઝોનના ઉપરી અધિકારી સાથે તો સાંઠગાંઠ હતી પણ આ સાંઠગાંઠની ભલામણ તેને વેસ્ટ ઝોનમાં પણ એટલી જ કામ આવતી હોવાનું ખુલ્યું છે. કારણ કે વેસ્ટ ઝોનમાં એક બે નહીં પણ ૧૦-૧૦ બિલ એકસાથે મુકાય તો પણ તે બધા તે જ તારીખે સહી કરીને એકસાથે મંજૂર થઈ બધાના પેમેન્ટ ૧૦ દિવસની અંદર કરી દેવાતા હતા. મધુરમ કન્સ્ટ્રક્શનને ૫ ડિસેમ્બર ૨૦૨૦ની તારીખે ૧૦ બિલ મુક્યા હતા. વેસ્ટ ઝોનના ‘કામઢા’ ઈજનેરોના હાથમાં આ બિલ આવતા મદદનીશ ઈજનેર, ડેપ્યુટી ઈજનેર, સિટી ઈજનેર તમામની સહી થઈ ગઈ હતી. ત્યારબાદ નવા બ્રાંચ બિલ કે વાઉચર બનાવાય છે અને ૧૪૬૪થી ૧૪૭૩ સુધીની સિરીઝના એકસાથે બની ગયા જેની કુલ કિંમત ૧૭.૫૭ લાખ જેટલી થાય છે. આ તમામ એકસાથે ઓડિટમાં મોકલી દેવાયા હતા. પ્રિ-ઓડિટમાં મોકલી દીધા બાદ એકાઉન્ટ શાખામાં પહોંચ્યા હતા અને ત્યાં એક જ દિવસમા બધાના ચેક બની ગયા હતા અને એજન્સીને ચૂકવણું થઈ ગયું હતું. સૌથી મોટી બાબત એ છે કે એક જ એજન્સી પાસે આ તે કેવો વહાલ હતો કે તે બિલ મૂકે એટલે તે ગમે તેટલા હોય તો પણ ઝડપથી મંજૂર થઈ જાય. બીજી તરફ ઉપરી અધિકારીઓની આ જ માનીતી એજન્સીના જ કર્મચારીઓ મનપાના ઈજનેરના આપઘાતના કેસમાં આરોપી બન્યા છે.

મહાનગરપાલિકાના ઈજનેર પરેશ જોશીના આપઘાતમાં બિલની ચૂકવણીનો મુદ્દો હતો જેનાથી તેને ત્રાસ અપાતો હતો.

આ મામલે તપાસ કરાતાં જોવા મળ્યું હતું કે આપઘાતમાં સંડોવાયેલા આરોપીઓ જે એજન્સીમાં કામ કરતા તે મધુરમ કન્સ્ટ્રક્શનના બિલ ઝડપથી મંજૂર થતા અને સૌથી પહેલા તેનો વારો આવે એટલે બિલ ઈનવર્ડ કરવાની પણ પધ્ધતિ અનુસરાતી ન હતી.

### કોરોના અને ઓમિક્રોન કેસ વચ્ચે તંત્ર એ કવાયત હાથ ધરી

# ગુજરાતમાં ડેલ્મીક્રોન વેરિઅન્ટનો ભય

અમદાવાદ,તા.૦૮

કોરોનાના ડેલ્ટા અને ઓમિક્રોન વેરિઅન્ટના મ્યુટેશનથી નવો વેરિઅન્ટ ડેલ્મીક્રોન બન્યો છે. આ પ્રકાર અમેરિકા અને યુરોપમાં તબાહી મચાવી રહ્યો છે. પ્રોફેસર ડૉ. સંજય રાયે ડેલ્મીક્રોન અંગે વાત કરતા જણાવ્યું કે હજુ સુધી એવા કોઈ પુરાવા નથી કે ડેલ્ટા અને ઓમિક્રોને મળીને ડેલ્મીક્રોન વેરિઅન્ટ બન્યો હોય. અત્યાર સુધી જે ડેટા પ્રાપ્ત થયો છે તેમાં ઓમિક્રોન વેરિઅન્ટનો ખુલાસો થયો છે. સંશોધન દર્શાવે છે કે તે ઘણો સંક્રામક છે. તેમણે કહ્યું કે કોરોનાના વેરિઅન્ટ સતત મ્યુટેશન કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, બે કે તેથી વધુ વેરિઅન્ટ ભેગા થઈને એક નવો વેરિઅન્ટ બનાવી શકે છે. અત્યાર સુધીમાં ૩૦ થી વધુ મ્યુટેશન સામે આવી ચુક્યા છે. ડૉક્ટરે એમ પણ કહ્યું કે અમે અત્યારથી એ પણ ન



કહી શકીએ કે કોઈ વેરિઅન્ટ કેટલો ખતરનાક હોઈ શકે છે. આ માટે આપણે રાહ જોવી પડશે. કોરોનાનો કયો વેરિઅન્ટ અગાઉના વેરિઅન્ટ કરતાં વધુ ઘાતક સાબિત થઈ શકે છે તે તો સમય જ કહેશે.ગુજરાતમાં કોરોનાનો નવો વેરિઅન્ટ ઓમિક્રોન કહેર મચાવી રહ્યો છે ત્યાં હવે ગુજરાતમાં ડેલ્મીક્રોન નામના નવા વેરિઅન્ટને લઈ ઉચાટ શરૂ થઈ ગયો છે. અત્યાર સુધી ડેલ્ટાના કેસ જોવા મળતા હતા. ઓમિક્રોન વેરિઅન્ટના કેસ જોવા મળતા હતા. જો કે આ બંનેનું મિક્સચર ડેલ્મિક્રોન વેરિઅન્ટ સામે આવ્યું છે. તેવા સંજોગોમાં હવે ગુજરાત સરકાર વધુ ગંભીર બની ગઈ છે. ગુજરાતમાં ડેલ્મીક્રોન વેરિયન્ટ અંગે જીનોમ સિક્વન્સીગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાજ્ય સરકારના આદેશ બાદ ગુજરાત બાયોટેક રિસર્ચે તપાસ શરૂ કરી દીધી છે. કોરોના અને ઓમિક્રોન કેસ વચ્ચે તંત્ર એ કવાયત હાથ ધરી છે. રાજ્યમાં હાલ પ્રતિ માસ ૬૪૦ જીનોમ સિક્વન્સિંગ કરાય છે. હાલ ડેલ્ટા અને ઓમિક્રોન વેરિઅન્ટના સિકવન્સિંગની પ્રક્રિયા થતી હતી. જો કે ગુજરાતમાં હવે કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે, કોરોનાના કેસનો રાફડ્યો ફાટ્યો છે, ત્યારે ઓમિક્રોન વેરિઅન્ટના કેસ પણ વધી રહ્યા છે. અત્યારે હવે લોકોને ડર સતાવી રહ્યો છે કે ગુજરાતમાં ડેલમિક્રોન આવે તેવી સંભાવના છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે આ બાબતે ધ્યાનમાં રાખીને ગુજરાત બાયોટેક રિસર્ચને તપાસ શરૂ કરવાનું કહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા જીનોમ સિક્વેન્સિંગ માટે વધુ એક મશીન અમેરિકાથી મંગાવામાં આવ્યું છે. જેની કિંમત અંદાજે ૧૫ કરોડ રૂપિયા છે. ઓમિક્રોન માટે જીનોમ સિક્વેસિંગ વધુ સરળ થશે. હાલ ઓમિક્રોન ડેલ્ટા માટે જીનોમ કરાય છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001